## RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા તમામ વેપાર-ઉદ્યોગકારોને તા.૭ મે ૨૦૨૪ ના રોજ લોકસભાની સામાન્ય ચુંટણીમાં સવેતન સ્વૈચ્છીક રજા રાખી અવશ્ય મતદાન કરવા અને કરાવવા અપીલ...

આગામી તા.૭ મે ૨૦૨૪ ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. ત્યારે રાજકોટ જીલ્લા કલેકટરશ્રીના પત્રનં. નાં જન/પવડી/ફા.નં.૨૯/૦૯-૨૩૬/૨૦૨૪ થી તમામ ઔધોગીક એકમો, દુકાનો, ઓફિસો વિગેરેને સવેતન રજા રાખવા જણાવવામાં આવેલ છે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર-ઉધોગનું પ્રતિનિધિત્વ કરતી વરિષ્ઠ મહાજન સંસ્થા છે અને કોઈપણ રાજકીય પક્ષનું સમર્થન કરતું નથી અને નિષ્પક્ષ ભાવે કાર્ય કરી રહ્યું છે.

ત્યારે તા.૭ મે ૨૦૨૪ મંગળવારના રોજ યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણીમાં તમામ વેપાર-ઉધોગકારો અને આમ જનતાને સવેતન સ્વૈચ્છીક રજા રાખી લોકશાહીના આ પર્વમાં સામેલ થઈ મતદાન આપણો અધિકાર હોય દેશના ઉજવળ ભવિષ્યમાં આપણું યોગદાન આપીને અવશ્ય મતદાન કરવા તેમજ કરાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ખાસ અપીલ કરવામાં આવે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.